Series – A

# જુનિયર કલાર્ક (મુખ્ય પરીક્ષા)

સમય: 2 કલાક　　　　　　　　　　　　　　　　કુલ ગુણ: 200

---

**(1) Bread is _____ predominant food prepared from a dough of flour and water.**

**(A) a　　(B) an　　(C) the　　(D) None of these**

**(2) Give plural form of: 'index'**

**(A) indices　　(B) indexese　　(C) indes　　(D) indexis**

**(3) You ____ permission of your parents before taking such an important decision.**

**(A) should have seek　　(B) should sick**

**(C) should have sought　　(D) should have saught**

**(4) _____ going to office, I went to see the film.**

**(A) According to　　(B) Instead of　　(C) On account of　　(D) In order to**

**(5) Bachubhai is too old _____ .**

**(A) to run　　(B) running　　(C) run　　(D) runs**

**(6) Can you rejoin a _____ glass ?**

**(A) broke　　(B) broken　　(C) broks　　(D) broking**

**(7) Her behavior was ______ .**

**(A) irritate　　(B) irritated　　(C) irritating　　(D) irritates**

**(8) I haven't _____ time to listen to you.**

**(A) any　　(B) whole　　(C) much　　(D) all**

**(9) Find out wrong pair of adjective.**

**(A) Create – Creative　　(B) Enjoy - Enjoyable**

**(C) Tire – Tiresome　　(D) Talk –Talkful**

**(10) They _____ heard the news.**

**(A) theirselves　　(B) themselves　　(C) yourself　　(D) himself**

**(11) The train runs _____ New Delhi and Lucknow.**

**(A) among　　(B) on　　(C) between　　(D) amongst**

**(12) He is blind. He can see with _____ of his eyes.**

**(A) neither　　(B) either　　(C) both　　(D) any**

(13) The sun _____ in the west.

(A) set (B) sets (C) setting D) None of these

(14) ____ you ____ your picture still now ?

(A) Are, painting (B) Is, painting

(C) Am, painting (D) Are, paint

(15) Vinit would love this gift, _______ ?

(A) will he? (B) would he?

(C) won't be? (D) wouldn't he?

(16) The teacher _____ not _____ us any homework yesterday.

(A) did, give (B) do, give (C) did, gave (D) do, gave

(17) Maya said him, "You can do this work." – Give the indirect narration for the given sentence.

(A) Maya told him that he would do that work.

(B) Maya told him that he could do this work.

(C) Maya told him that he can do that work.

(D) Maya told him that he could do that work.

(18) Give Antonym of : 'Latter'

(A) Sooner (B) Former (C) Quicker (D) Early

(19) Change the degree: I am as old as my brother.

(A) My brother is not older than me.

(B) I am not older than my brother.

(C) My brother is older than me.

(D) I am older than my brother.

(20) Select the most appropriate synonym of the given word: 'Slightly'

(A) Considerably (B) Somewhat

(C) Clearly (D) Without a doubt

(21) 'નેવનાં પાણી મોભે ચઢવાં' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) કામ પાર ન પડવું (B) અશક્ય લાગતું શક્ય બનવું

(C) હેતુ સિદ્ધ થવો (D) શક્ય લાગતું અશક્ય બનવું

(22) નીચેની કહેવતો માટે જુદો પડતો વિકલ્પ જણાવો.

(A) અવસર ચૂકવો – તકનો લાભ ન લેવો

(B) ગળા સુધી આવી જવું – હદ થઈ જવી

(C) જમીન આસમાનનો ફરક હોવો – નજીવો તફાવત હોવો

(D) કબરનાં મડદાં ઉખેડવાં – જૂના કજિયા તાજા કરવા

(23) પહેર્યાં <u>પીતામ્બર</u>, ફૂલની પછેડી, ચુઆ-ચંદન મહેકે.- રેખાંકિત શબ્દનો સમાસ ઓળખાવો.

(A) કર્મધારય (B) દ્વન્દ્વ (C) તત્પુરૂષ (D) ઉપપદ

(24) 'પરોઢે આવેલા સપન સમ આવ્યા પિયુ તમે.' – પંક્તિનો છંદ ઓળખાવો.

(A) મનહર (B) વસંતતિલકા (C) શિખરિણી (D) મંદાક્રાંતા

(25) 'સત્યનો માર્ગ ખાંડાની ધારે ચાલવા જેવો છે.' – અલંકાર ઓળખાવો.

(A) ઉત્પ્રેક્ષા (B) ઉપમા (C) રૂપક (D) વ્યતિરેક

(26) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'તિથિ નક્કી કર્યા વગર આવનાર'

(A) અતિથિ (B) મિત્ર (C) મહેમાન (D) નજીકનાં સગાં

(27) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?

(A) અનુભૂતિ (B) અનૂભૂતિ (C) અનુભૂતી (D) અનુભુતી

(28) દેવેન્દ્ર સૂતાં-સૂતાં વાંચે છે. – આ વાક્યમાં <u>સૂતાં-સૂતાં</u> શબ્દ કયા અર્થમાં વપરાયો છે?

(A) સંજ્ઞા (B) વિશેષણ (C) ક્રિયાપદ (D) ક્રિયાવિશેષણ

(29) 'માનવેન્દ્ર' શબ્દની સાચી સંધિ જણાવો.

(A) માન + ઈન્દ્ર (B) માનવ + ઈન્દ્ર

(C) માનવ + એન્દ્ર (D) માન + વેન્દ્ર

(30) નીચેનામાંથી કયો શબ્દ 'દુર્ગંધ' શબ્દનો વિરોધી શબ્દ છે?

(A) પમરાટ (B) અત્તર (C) સુગંધ (D) સુખડ

(31) 'કસૂંબાપાણી કરાવવાં.' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) આગતા-સ્વાગતા કરવી. (B) ધરાઈને ખવડાવવું.

(C) સખતાઈથી કામ લેવું. (D) સમાધાન કરાવવું

(32) નીચેની કહેવતો માટે જુદો પડતો વિકલ્પ જણાવો.

(A) જીભમાં ગોળ હોવો – બોલવામાં મીઠાશ હોવી

(B) ડાઢમાંથી બોલવું – મર્મ વચન કહેવાં

(C) વેણે વેણે વાંકું પડે – નાની અમથી વાતમાં લડી પડવું

(D) નવ ગજના નમસ્કાર કરવા – ખૂબ જ પ્રેમભાવથી નમવું

(33) સમાસ ઓળખાવો: ત્રિશૂળપાણિ

(A) દ્વિગુ સમાસ (B) દ્વન્દ્વ સમાસ (C) તત્પુરૂષ સમાસ (D) બહુવ્રિહી સમાસ

(34) 'રે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો' – પંક્તિનો છંદ ઓળખાવો.

(A) મનહર (B) શિખરિણી (C) વસંતતિલકા (D) મંદાક્રાંતા

(35) 'કામિની કોકિલા કેલી કૂજન કરે' – અલંકાર ઓળખાવો.

(A) આંતરપ્રાસ (B) વર્ણાનુપ્રાસ (C) અંત્યાનુપ્રાસ (D) વ્યતિરેક

(36) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'લાગતાવળગતાની જાણ માટે ફેરવાતો પત્ર'

(A) અરજી (B) પરિપત્ર (C) કચેરી આદેશ (D) ઠરાવ

(37) નીચેનામાંથી કઈ જોડણી ખોટી છે?

(A) દીવાસળી (B) ભિખારી (C) પુત્રવધુ (D) કારકિર્દી

(38) <u>પ્રત્યેક</u> વિદ્યાર્થી શાળામાં હાજર રહે તે જરૂરી છે. – રેખાંકિત સર્વનામનો પ્રકાર જણાવો.

(A) સાપેક્ષ (B) અનિશ્ચિત (C) સ્થળવાચક (D) પ્રશ્નવાચક

(39) નીચેના પૈકી ખોટી સંધિ જણાવો.

(A) સંરક્ષણ = સમ્ + રક્ષણ (B) વિદ્યુલ્લેખા = વિદ્યુ + ઉલેખા

(C) મનોહર = મનસ્ + હર (D) અન્વેષણ = અનુ + એષણ

(40) નીચેના પૈકી 'જંગલ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો નથી?

(A) અરણ્ય (B) વિપન્ન (C) કાનન (D) વિપિન

(41) ભારતીય બંધારણના નીચેનામાંથી કયા અનુચ્છેદ હેઠળ રાષ્ટ્રીય કટોકટીની ઘોષણાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?

(A) અનુચ્છેદ-354 (B) અનુચ્છેદ-356

(C) અનુચ્છેદ-352 (D) અનુચ્છેદ-359

(42) 86મો બંધારણીય સુધારો અધિનિયમ,2002 એ કયા અધિકારને મૂળભૂત અધિકાર બનાવ્યો ?

(A) ધર્મનો અધિકાર (B) શિક્ષણનો અધિકાર

(C) શોષણ સામેનો અધિકાર (D) મિલકતનો અધિકાર

(43) ભારતીય બંધારણના આમુ ખમાં "બંધુત્વ (Fraternity)" શબ્દનો સમાવેશ કરવાનું પ્રાથમિક કારણ શું હતું ?

(A) આર્થિક સમૃદ્ધિ (economic prosperity) સુનિશ્ચિત કરવી

(B) કારોબારી સત્તા (executive authority)ને મર્યાદિત કરવી

(C) પ્રાદેશિક ભાષાઓનું રક્ષણ કરવું

(D) નાગરિકોમાં એકતા અને ગૌરવને પ્રોત્સાહન આપવું

(44) બંધારણમાં નાગરિકત્વનો ખ્યાલ નીચેના પૈકી કયા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યો છે?

(A) બ્રિટન (B) રશિયા (C) ફ્રાન્સ (D) અમેરિકા

(45) રાજ્યસભાના સભાપતિ કોને સંબોધીને પોતાનું રાજીનામું આપે છે?

(A) રાજ્યસભાના ઉપસભાપતિને (B) લોકસભાના અધ્યક્ષને

(C) લોકસભાના ઉપાધ્યક્ષને (D) રાષ્ટ્રપતિને

(46) 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' સાથે નીચેના પૈકી કઈ બાબત સંલગ્ન છે?

(A) વીજળી જોડાણ (B) એલ.પી.જી. જોડાણ

(C) સૌર શક્તિ (D) કૌશલ્ય વિકાસ

(47) માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ અરજદારે માહિતી મેળવવા માટે કયા ફોર્મમાં અરજી કરવાની હોય છે?

(A) ફોર્મ-ક (B) ફોર્મ-ખ (C) ફોર્મ-ગ (D) ફોર્મ-ઘ

(48) ભારતીય ન્યાય પદ્ધતિમાં, ફેમિલી કોર્ટોને કઈ શ્રેણીની ગૌણ નાગરિક અદાલતની સમકક્ષ ગણવામાં આવે છે?

(A) જમીનની બાબતોમાં મહેસૂલ અધિકારીની અદાલતો

(B) નાણાકીય દાવાઓમાં નાના કારણોની અદાલતોસ

(C) સિવિલ અધિકારક્ષેત્રમાં ગૌણ ન્યાયાધીશની અદાલતો

(D) ફોજદારી અધિકારક્ષેત્રમાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની અદાલતો

(49) પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિ પ્રત્યે અસંતોષના સામાન્ય વાતાવરણને ધ્યાનમાં રાખીને ઘણા નેતાઓ લોકપ્રિય આંદોલનનું આયોજન કરે છે. નીચેના રાજકીય આંદોલનોને તેમના નેતાઓ સાથે યોગ્ય રીતે જોડો.

| આંદોલન | | નેતા | |
|---|---|---|---|
| A | સંપૂર્ણ ક્રાંતિ | 1 | જ્યોર્જ ફર્નાન્ડિસ |
| B | રેલવે હડતાળ | 2 | ઈન્દિરા ગાંધી |
| C | ગરીબી હટાવો | 3 | જયપ્રકાશ નારાયણ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c |
|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 |
| (B) | 3 | 1 | 2 |
| (C) | 2 | 3 | 1 |
| (D) | 3 | 2 | 1 |

(50) માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ નીચેના પૈકી કયા પ્રકારની માહિતી આપી શકાય નહિ?

(A) સરકારની કામગીરીના આયોજન અંગેની માહિતી

(B) જાહેર હિત માટે કરેલાં વિકાસ કાર્યો અંગેની માહિતી

(C) મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અંગેની માહિતી

(D) જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેવી સંવેદનશીલ માહિતી

(51) ભારતની ન્યાયપાલિકા વિશે નીચેનાં વિધાનો ચકાસો:

1. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

2. રાજ્યની વડી અદાલતના ન્યાયાધિશોની નિમણૂક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.

ઉપરોક્ત પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત વિધાન-1 (B) ફક્ત વિધાન-2

(C) વિધાન-1 અને વિધાન-2 (D) બંનેમાંથી એકપણ નહિ

(52) બંધારણના કયા અનુચ્છેદમાં પંચાયતી માળખાની જોગવાઈ કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ-250 (B) અનુચ્છેદ-243 (C) અનુચ્છેદ-232 (D) અનુચ્છેદ-198

(53) ભારતના નિયંત્રણ મહાલેખા પરિક્ષક (Comptroller Auditor General of India)ની નિમણૂંક કોણ કરે છે?

(A) નાણાંમંત્રી (B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(C) રાષ્ટ્રપતિ (D) વડાપ્રધાન

(54) રાષ્ટ્રીય મહિલા આયોગ વિશે નીચેના પૈકી કયાં વિધાનો સત્ય છે?

1. ફરિયાદ નિવારણની સુવિધા આપવી.

2. પ્રતિકારક કાયદાકીય પગલાંની ભલામણ કરવી.

3. મહિલાઓ માટેના બંધારણીય અને કાનૂની સુરક્ષાની સમીક્ષા કરવી.

4. મહિલાઓને અસર કરતી તમામ નીતિઓ અંગે સરકારને સલાહ આપવી.

યોગ્ય જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

(55) જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે કોણ હોય છે?

(A) વિપક્ષના નેતા (B) નાણા મંત્રી

(C) વડાપ્રધાન (D) કૉમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ

(56) હાલમાં રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયાના ગવર્નર કોણ છે?

(A) શ્રી નિર્મલા સીતારામન (B) શ્રી શક્તિકાંતા દાસ

(C) શ્રી સંજય મલ્હોત્રા (D) શ્રી કનુભાઈ દેસાઈ

(57) પંચાયત (અનુસૂચિત વિસ્તારોનું વિસ્તરણ) અધિનિયમ, જેને PESA તરીકે ઓળખવામાં આવે છે, તે 1996માં નવ રાજ્યોના આદિવાસી પ્રદેશોમાં પંચાયતની જોગવાઈઓ લાગુ કરવા માટે ઘડવામાં આવ્યો હતો. જેમાં પાંચમા અનુસૂચિત વિસ્તારો (Fifth Schedule Areas)નો સમાવેશ થાય છે. નીચેનીમાંથી કયું રાજ્ય પાંચમા અનુસૂચિત ક્ષેત્રમાં સામેલ નથી?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર

(C) હિમાચલ પ્રદેશ (D) પશ્ચિમ બંગાળ

(58) ભારત સરકારે જાહેર કરેલ 'લખપતી દીદી' યોજનાનો હેતુ શું છે?

(A) મહિલાઓને આરોગ્ય સેવાઓ આપવી

(B) મહિલાઓને આત્મરક્ષણની તાલીમ આપવી

(C) મહિલાઓને શિક્ષણ માટેની સેવાઓ આપવી

(D) તાલીમ દ્વારા ધંધા-રોજગાર શરૂ કરીને આર્થિક આત્મનિર્ભર બનાવવી અને મહિલા સશક્તિકરણ કરવું.

(59) ગુજરાતમાં પંચાયતી રાજના અમલ માટેની લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિના અધ્યક્ષ કોણ હતા?

(A) રસીકલાલ પરીખ (B) જીવરાજ મહેતા

(C) બળવંતરાય મહેતા (D) ઝીણાભાઈ દરજી

(60) તાલુકા આયોજન સમિતિના પ્રમુખ કોણ હોય છે?

(A) તાલુકા વિકાસ અધિકારી (B) તાલુકા પંચાયતના પ્રમુખ

(C) પ્રાંત અધિકારી (D) કલેક્ટર

(61) રાજ્યના મુખ્યમંત્રી વિશે નીચેનાં વિધાનો ચકાસો:

1. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

2. તેમની નિમણૂક વડાપ્રધાન દ્વારા કરવામાં આવે છે.

ઉપરોક્ત પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત વિધાન-1 (B) ફક્ત વિધાન-2

(C) વિધાન-1 અને વિધાન-2 (D) બંનેમાંથી એકપણ નહિ

(62) "ગ્રામપંચાયત અને ગ્રામસભા વચ્ચે મંત્રીમંડળ અને ધારાગૃહ જેવો સંબંધ હોવો જોઇએ. ગ્રામસભા અને પંચાયત બિનપક્ષીય હોય તે જરૂરી છે, નહિ તો સ્વ-રાજ્ય નહિ પણ સ્વ-અધોગતિ-નાશને પંથે લઈ જશે." –આ વિધાન કોનું છે?

(A) મહાત્મા ગાંધી (B) જયપ્રકાશ નારાયણ

(C) વિનોબા ભાવે (D) બળવંતરાય મહેતા

(63) નીચેનામાંથી નાણાપંચની ભલામણનો કયો લાભ છે?

(A) સંસાધનોની વધુ સારી ફાળવણી

(B) પારદર્શિતા અને ઉત્તરદાયિત્વમાં વધારો

(C) નાણાકીય સંઘવાદમાં સુધારો

(D) ઉપર જણાવેલ તમામ

(64) ભારતીય બંધારણ મુજબ નીચેનામાંથી કયો અધિકાર મૂળભૂત અધિકાર નથી?

(A) માહિતીનો અધિકાર

(B) વાણી સ્વાતંત્ર્યનો અધિકાર

(C) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

(D) સમાનતાનો અધિકાર

(65) રાજ્યપાલની નિમણૂંક કોણ કરે છે?

(A) મુખ્યમંત્રી (B) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ

(C) વડાપ્રધાન (D) રાષ્ટ્રપતિ

(66) 'નિતિ આયોગ'ના અધ્યક્ષ કોણ હોય છે?

(A) રાષ્ટ્રપતિ (B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(C) વડાપ્રધાન (D) નાણા મંત્રી

(67) રાજ્યના મુખ્યમંત્રીની નિમણૂંક કોણ કરે છે?

(A) રાજ્યપાલ (B) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ

(C) રાષ્ટ્રપતિ (D) વડાપ્રધાન

(68) હાલમાં ગુજરાતમાં લોકસભાની કુલ કેટલી બેઠકો છે?

(A) 15 (B) 25 (C) 26 (D) 32

(69) માહિતી અધિકારનો કાયદો કયારે અમલી બન્યો હતો?

(A) તા.07-10-2005 (B) તા.12-10-2005

(C) તા.14-11-2005 (D) તા.10-12-2005

(70) સર્વોચ્ચ અદાલતે દેહાંત દંડની સજા ફરમાવી હોય ત્યારે દયાની અરજી કોની સમક્ષ કરી શકાય?

(A) વડાપ્રધાન (B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(C) લોકસભાના સ્પીકર (D) રાષ્ટ્રપતિ

(71) 'લારકા'ના મેદાનોમાં સ્થિત 'મોહેં-જો-દડો'નું સ્થાનિક નામ કયું હતું?

(A) ઉત્તરજીવીનો ટેકરો (B) સિંધનો ટેકરો

(C) મૃતકોનો ટેકરો (D) સંસ્કૃતિનો ટેકરો

(72) ઈ.સ. 1828માં રાજા રામમોહનરાયે કલકત્તા ખાતે શાની સ્થાપના કરી હતી?

(A) આર્ય સમાજ (B) બ્રહ્મો સમાજ

(C) દેવ સમાજ (D) પ્રાર્થના સમાજ

(73) નીચેનામાંથી ત્રણેય ગોળમેજી પરિષદમાં કોણે ભાગ લીધો હતો?

(A) અરવિંદ ઘોષ (B) દાદાભાઈ નવરોજજી

(C) જવાહરલાલ નહેરૂ (D) ડો. બાબાસાહેબ આંબેડકર

(74) જૈન ધર્મના પાર્શ્વનાથ ભગવાને ચાર મહાવ્રતોનો ઉપદેશ આપ્યો હતો. જેમાં પાંચમું મહાવ્રત કયું છે?

(A) અહિંસા (B) બ્રહ્મચર્ય (C) સત્ય (D) અપરિગ્રહ

(75) સોલંકી સમયના કુમાળપાળ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. તેણે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

2. એના અનેક અભિલેખોમાં એને 'ઉમાપતિવરલબ્ધપ્રસાદ' કહ્યો છે.

3. તેણે કુલપરંપરાગત શૈવ ધર્મ ચાલુ રાખીને જૈન ધર્મ અંગીકાર કર્યો ન હતો.

4. 65 વર્ષની વયે એ સાંગ્રામિક વિજયોની લાલસા તજી ધાર્મિક અભ્યુદયના માર્ગે વળ્યો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4 (D) દર્શાવેલ તમામ

(76) સિંધુ-ખીણ સંસ્કૃતિની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા કઈ હતી?

(A) નગર રચના (B) વેપાર (C) શિલ્પ જ્ઞાન (D) માટીનાં વાસણો

(77) ભારતમાં કયા એક્ટથી ઇસ્ટ ઈન્ડિયાની રાજનૈતિક અને વેપારી પ્રવૃત્તિઓ અલગ અલગ થઈ?

(A) રેગ્યુલેટિંગ એક્ટ, 1773 (B) પિટ્સ ઈન્ડિયા એક્ટ, 1784

(C) ધી ચાર્ટર એક્ટ, 1813 (D) ધી ચાર્ટર, 1833

(78) ઈ.સ. 1857ના સંગ્રામની હાર માટે નીચેનામાંથી કયું મુખ્ય કારણ જવાબદાર હતું?

(A) કેન્દ્રિય નેતાગીરીનો અભાવ

(B) અંગ્રેજો પાસે આધુનિક શસ્ત્ર-સરંજામની ઉપલબ્ધિ

(C) મોટાભાગના રાજાઓ આ સંગ્રામથી અલિપ્ત રહ્યા હતા.

(D) ઉપરનામાંથી એકપણ નહિ.

(79) ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની સૌપ્રથમ ભૂમિકા કોણે તૈયાર કરી હતી?

(A) અંબુભાઈ પુરાણી (B) છોટુભાઈ પુરાણી

(C) બારેન્દ્રનાથ ઘોષ (D) અરવિંદ ઘોષ

(80) ભારત સ્વતંત્ર બન્યા પછી સામાજિક અને આર્થિક વિકાસ માટે કયા પંચની રચના કરવામાં આવી હતી?

(A) કૃષિપંચની (B) આયોજનપંચની

(C) શિક્ષણપંચની (D) કોઠારીપંચની

(81) ભારતની નદીઓ વિશે નીચે આપેલાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. ગંગા નદી ગંગોત્રી હિમપ્રવાહ (ગ્લેશિયર)થી નીકળે છે.

2. નર્મદા નદી અમરકંટકથી નીકળે છે.

3. ગંગા નદી હિન્દ મહાસાગરને મળે છે.

4. નર્મદા નદી અરબીસમુદ્રને મળે છે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

(82) ક્ષેત્રફળના આધારે ગુજરાતનો સૌથી મોટો અને સૌથી નાનો જિલ્લો કયો છે?

(A) કચ્છ અને ડાંગ (B) અમદાવાદ અને અરવલ્લી

(C) કચ્છ અને ગાંધીનગર (D) કચ્છ અને મહિસાગર

(83) ભારતનાં રાજ્યો અને તેમાં આવેલ ખીણને યોગ્ય રીતે ગોઠવો.

| રાજ્ય | | ખીણ | |
|---|---|---|---|
| A | ઉત્તરાખંડ | 1 | નુબ્રા ઘાટી |
| B | સિક્કિમ | 2 | સ્પિતિ ઘાટી |
| C | હિમાચલ પ્રદેશ | 3 | જોહર ઘાટી |
| D | જમ્મુ અને કાશ્મીર | 4 | ચુંબી ઘાટી |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | A | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 1 | 2 | 3 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

(84) ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે કયા પ્રકારની જમીન જોવા મળે છે?

(A) કાળી જમીન (B) રાતી જમીન (C) રેતાળ જમીન (D) કાંપની જમીન

(85) નીચે આપેલાં વિધાનો પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચાં છે?

1. પૃથ્વી સપાટીના સૌથી ઉપરના સ્તરને ભૂકવચ કહેવાય છે.
2. પૃથ્વીનું સૌથી આંતરિક સ્તર ભૂગર્ભ છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 (D) બંનેમાંથી એકપણ નહિ

(86) નર્મદા નદી કયા કયા રાજ્યમાંથી પસાર થાય છે?

(A) મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત (B) મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત

(C) હરિયાણા, મહારાષ્ટ્ર, ગુજરાત (D) ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત

(87) વિશ્વમાં 'બૉક્સાઈડ'નું સૌથી વધુ ઉત્પાદન કયા દેશમાં થાય છે?

(A) ઑસ્ટ્રેલિયા (B) ભારત (C) બાંગ્લાદેશ (D) બ્રિટન

(88) કયા અખાતને ગુજરાતના શહેરનું નામ આપવામાં આવ્યું છે?

(A) ઓખા (B) ખંભાત (C) દમણ (D) ભાવનગર

(89) 'ઘૂમર' કયા રાજ્યનું લોકનૃત્ય છે?

(A) ગુજરાત (B) બિહાર (C) આસામ (D) રાજસ્થાન

(90) નીચે આપેલાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. મહિસાગર જિલ્લાને અરવલ્લી, દાહોદ અને પંચમહાલ જિલ્લાની સરહદ સ્પર્શે છે.

2. ખેડા જિલ્લાને મહેસાણા જિલ્લાની સરહદ સ્પર્શતી નથી.

3. આણંદ જિલ્લાને સુરત જિલ્લાની સરહદ સ્પર્શે છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

(91) વિશ્વનો સૌથી મોટો મહાસાગર કયો છે?

(A) પ્રશાંત મહાસાગર (B) હિન્દ મહાસાગર

(C) આર્કટીક મહાસાગર (D) એટલાન્ટિક મહાસાગર

(92) નીચેના પૈકી કયા ગ્રંથમાં જૈન શૈલીનાં ચિત્રો જોવા મળે છે?

(A) અભિધમ્મ પિટ્ટક (B) કથાસરિતસાગર

(C) સુત્તપિટ્ટક (D) અંગુત્તર નિકાય

(93) પ્રાચીન ભારતમાં સંગીત સંબંધિત લખાયેલ ગ્રંથો અને તેના રચયિતાની વિગતો નીચે મુજબ આપેલ છે. જેનું યોગ્ય જોડકું પસંદ કરો.

| ગ્રંથ | | રચયિતા | |
|---|---|---|---|
| A | સંગીત મકરંદ | 1 | પંડિત સારંગદેવ |
| B | સંગીત રત્નાકર | 2 | પંડિત અહોબલ |
| C | સંગીત પારિજાત | 3 | પંડિત નારદ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | A | b | c |
|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 |
| (B) | 3 | 1 | 2 |
| (C) | 2 | 3 | 1 |
| (D) | 3 | 2 | 1 |

(94) કયો વેદ પ્રાચીન રચના ગણાય છે?

(A) ઋગ્વેદ (B) સામવેદ (C) યજુર્વેદ (D) અથર્વવેદ

(95) એલોરાના શિવના પ્રસિદ્ધ ગુફા મંદિરનું નિર્માણ કયા રાષ્ટ્રકૂટ શાસકે કર્યું હતું?

(A) અમોઘવર્ષ (B) ઈન્દ્ર પ્રથમ (C) કૃષ્ણ પ્રથમ (D) દંતિ દુર્ગ

(96) ગુજરાતના સ્થાપત્યો અને સ્થળોને યોગ્ય રીતે ગોઠવો.

| સ્થાપત્ય | | સ્થળ | |
|---|---|---|---|
| A | નવલખા મંદિર | 1 | પાટણ |
| B | સહસ્ત્રલિંગ તળાવ | 2 | સિદ્ધપુર |
| C | રૂદ્રમહાલ | 3 | વડનગર |
| D | કીર્તિતોરણ | 4 | ઘુમલી |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | A | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 1 | 2 | 3 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

(97) 'પટોળાં' વિશે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. પટોળાની બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બંને બાજુ પહેરી શકાય છે.

2. તેના પરથી 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' કહેવત પ્રચલિત થઈ છે.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એકપણ નહિ.

(98) નીચે આપેલા જોડકાને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | | બ | |
|---|---|---|---|
| 1 | કુમાર સંભવ | a | વિશાખાદત્ત |
| 2 | કાદંબરી | b | શુદ્રક |
| 3 | મુદ્રારાક્ષસ | c | બાણ |
| 4 | મૃચ્છકટિકમ | d | કાલિદાસ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| (A) | D | b | a | c |
| (B) | D | c | a | b |
| (C) | D | a | c | b |
| (D) | D | c | b | a |

(99) 'વારલી' એ કઈ કળા છે?

(A) નૃત્ય (B) શિલ્પ (C) સંગીત (D) ચિત્ર

(100) ગુજરાતનો સૌથી વધુ ભાતીગળ અને લોકમેળા તરીકે સુપ્રસિદ્ધ મેળો કયો છે?

(A) તરણેતરનો મેળો (B) શામળાજીનો મેળો

(C) શિવરાત્રિનો મેળો (D) વૌઠાનો મેળો

(101) અર્થતંત્રના પ્રકારો વિશે નીચે આપેલાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. મૂડીવાદી અર્થતંત્ર એટલે જ્યાં ઉત્પાદનના પરિબળો વ્યક્તિઓની માલિકીના હોય છે.

2. સમાજવાદી અર્થતંત્ર એટલે જ્યાં ઉત્પાદનના સાધનો સમાજ દ્વારા સામૂહિક રીતે માલિકીના હોય છે અને સરકાર દ્વારા સંચાલિત હોય છે.

3. મિશ્ર અર્થતંત્ર એટલે જ્યાં ઉત્પાદનના સાધનો જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોની માલિકીના હોય છે.

ઉપરના પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

(102) નીચેનામાંથી કયું ભારતીય કૃષિનું લક્ષણ નથી?

(A) જમીનની ઓછી ઉત્પાદકતા (B) ખેતરોનું નાનું કદ

(C) ખેતમજૂરોની ઊંચી ઉત્પાદકતા (D) ટેકનોલોજીનો ઓછો ઉપયોગ

(103) 'યોગક્ષેમ વહામ્યહમ્' આ સૂત્ર કયા એકમ/વિભાગનું છે?

(A) ભારતીય જીવન વીમા નિગમ (B) આરોગ્ય વિભાગ

(C) ભારતીય દૂરસંચાર નિગમ લિ. (D) દૂરદર્શન

(104) 'સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઑફ ઈન્ડિયા' (SIDBI) નું વડું મથક કયાં છે?

(A) બેંગ્લોર (B) લખનૌ (C) મુંબઈ (D) શિમલા

(105) ભારત દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી કોણ કરે છે?

(A) નાણા મંત્રાલય (B) કેન્દ્રિય આંકડાકીય સંસ્થા

(C) નીતિ આયોગ (D) ભારતીય રીઝર્વ બેંક

(106) બેંક રેટ એટલે શું?

(A) રિઝર્વ બેંક વેપારી બેંકોને જે દરે ધિરાણ આપે તે દર

(B) રિઝર્વ બેંક વેપારી બેંકો પાસેથી જે દરે નાણાં મેળવે તે દર

(C) બેંકો જે દરે લોકોને ધિરાણ આપે તે દર

(D) બેંકો લોકોને થાપણો પર જે દરે વ્યાજ આપે તે દર

(107) નીચેનામાંથી કયા કારણસર રૂપિયાની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે?

(A) વસ્તી વધારો (B) માંગમાં વધારો

(C) ભાવ વધારો (D) ભાવ ઘટાડો

(108) 'મૂડી' વિશે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. મૂડી એ ઉત્પાદનનું માનવસર્જિત સાધન છે.

2. યંત્રો અને કારખાનાંઓ મૂડીનાં ઉદાહરણો છે.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એકપણ નહિ.

(109) 'Beed District Formula' એ શું છે?

(A) પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના

(B) માંગમાં વધારો

(C) કૃષિની ચીજવસ્તુઓ માટે સપ્લાય (પુરવઠો) ચેઈન મેનેજમેન્ટ મૉડેલ

(D) ભાવ ઘટાડો

(110) ભારતના ઉદ્યોગો વિશે નીચે આપેલાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. ભારતના વિવિધ રાજ્યોમાં ઉદ્યોગોનો સંતુલિત વિકાસ થયો છે.

2. વિવિધ રાજ્યોને વિવિધ ક્ષેત્રોમાં તુલનાત્મક લાભ હોય છે.

3. ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રો વચ્ચે ગાઢ જોડાણ છે.

ઉપરના પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

(111) નીચેનામાંથી કયો વાયુ પૃથ્વીને સૂર્યની પ્રચંડ ગરમીથી બચાવે છે?

(A) ઑક્સિજન (B) નાઈટ્રોજન (C) કાર્બન ડાયોક્સાઈડ (D) ઑઝોન

(112) નીચે જિલ્લો અને તેમાં આવેલ અભયારણ્યની વિગત આપેલ છે.

1. ભાવનગર - વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન

2. પંચમહાલ – જાંબુઘોડા વન્યજીવ અભયારણ્ય

3. ડાંગ – પૂર્ણા વન્યજીવ અભયારણ્ય

4. દેવભૂમિ દ્વારકા – ગાગા વન્યજીવ અભયારણ્ય

ઉપરના પૈકી કયાં જોડકાં સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

(113) નીચેના પૈકી કયું એક આંદોલન હતું, જે જંગલોના બચાવ માટે રાજસ્થાનની એક આદિવાસી મહિલા દ્વારા ચલાવવામાં આવ્યું હતું?

(A) રુખ-ભાયલા આંદોલન, બાંસવાડા

(B) પક્ષી બચાવો આંદોલન, જયપુર

(C) સિંહ બચાવો આંદોલન, ભરતપુર

(D) વાઘ બચાવો આંદોલન, જોધપુર

(114) નીચે પર્યાવરણ સાથે સંબંધિત દિવસો અને તારીખ આપેલ છે. જેનું યોગ્ય જોડકું પસંદ કરો.

| | દિવસ | | તારીખ |
|---|---|---|---|
| a | વિશ્વ પર્યાવરણ દિવસ | 1 | 22 એપ્રિલ |
| b | વિશ્વ વન્ય દિવસ | 2 | 21 માર્ચ |
| c | પૃથ્વી દિવસ | 3 | 5 જૂન |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c |
|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 |
| (B) | 3 | 2 | 1 |
| (C) | 2 | 3 | 1 |
| (D) | 3 | 1 | 2 |

(115) 'રાષ્ટ્રીય પ્રાકૃતિક વિજ્ઞાન સંગ્રહાલય, દિલ્હી'ની સ્થાપના કયા મુખ્ય ઉદ્દેશથી કરવામાં આવી હતી?

(A) વન્યજીવ સંરક્ષણ માટે

(B) વૈજ્ઞાનિક અભિગમના વિકાસ અર્થે

(C) વન્યજીવોની ચિકિત્સા સુવિધા વધારવા માટે

(D) અનૌપચારિક પર્યાવરણીય શિક્ષણની અભિવૃદ્ધિ કરવાના હેતુથી

(116) "આ પૃથ્વી તેની ઉપર નભતા સૌ માનવીની જરૂરિયાત પૂરી કરવા જેટલી સક્ષમ છે, પરંતુ તે બધા લોકોની લાલચ પૂરી કરવા જેટલી સક્ષમ નથી." આ વાક્ય કોણે કહ્યું છે?

(A) મહાત્મા ગાંધી (B) વિનોબા ભાવે (C) તાત્યા ટોપે (D) જવાહરલાલ નહેરૂ

(117) ઘનિષ્ઠ વનીકરણ, બંજર કે પડતર બિન-ઉપયોગી જમીનના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હોય તેવી વ્યક્તિ કે સંસ્થાને નીચેના પૈકી કયો એવૉર્ડ આપવામાં આવે છે?

(A) અમૃતાદેવી બિશ્નોઈ વન્યજીવ એવૉર્ડ

(B) ઈન્દિરા પ્રિયદર્શિની વૃક્ષમિત્ર એવૉર્ડ

(C) મોહિની પુરસ્કાર યોજના

(D) મરુભૂમિ પરિસ્થિતિકી ફેલોશીપ

(118) ગુજરાતનું કયું સ્થળ પક્ષીવિદો માટે 'અભ્યાસની આંગણવાડી' તરીકે જાણીતું છે?

(A) હિંગોળગઢ (B) ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન

(C) નળ સરોવર (D) થોર પક્ષી અભ્યારણ્ય

(119) 'આપત્તિ વ્યવસ્થાપન' વિશે નીચેના પૈકી કયાં વિધાનો યોગ્ય છે?

1. આપત્તિને પહોંચી વળવાની ક્ષમતા ઊભી કરવી.

2. તાકીદની રાહત અને બચાવની કામગીરી કરવી.

3. ભૂકંપ જેવી કુદરતી આપત્તિ બાદ તરત જ જવાબદારો સામે પગલાં લેવાં.

4. આપત્તિની ઘટના બાદ પુનઃવસન અને પુનઃનિર્માણનું આયોજન કરવું.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

(120) જાપાની ભાષામાં 'ત્સુનામી'નો શું અર્થ થાય છે?

(A) ભરતી મોજાં (B) ભમ્મરિયાં મોજાં (C) વિનાશક મોજાં (D) ભૂકંપીય મોજાં

(121) વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે મહિલાઓએ આપેલ પ્રદાનની વિગતો નીચે મુજબ આપેલ છે.

| નામ | | ક્ષેત્ર | |
|---|---|---|---|
| a | જાનકી અમ્મા | 1 | અવકાશ ક્ષેત્રે |
| b | સુનિતા વિલિયમ | 2 | ગણિતશાસ્ત્ર |
| c | શકુંતલાદેવી | 3 | વનસ્પતિ |

નીચેનામાંથી જોડકાનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | B | c |
|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 |
| (B) | 3 | 1 | 2 |
| (C) | 2 | 3 | 1 |
| (D) | 3 | 2 | 1 |

(122) અવકાશ મંડળમાં સૌથી વધુ ચળકતો તારો કયો છે?

(A) ધ્રુવ (B) શુક્ર (C) વ્યાધ (D) અગત્સ્ય

(123) નીચેના પૈકી કયું ભારતનું પ્રથમ પરમાણું રિએક્ટર છે?

(A) અપ્સરા (B) સપના (C) સપ્તર્ષિ (D) ધ્રુવ

(124) પૃથ્વીના વાતાવરણમાં સૌથી વિપુલ પ્રમાણમાં કયું તત્વ છે?

(A) આર્ગોન (Argon) (B) નાઈટ્રોજન (Nitrogen)

(C) ઓક્સિજન (Oxygen) (D) ક્રિપ્ટોન (Krypton)

(125) ઈસરો દ્વારા બનાવવામાં આવેલું ભારતનું ઝડપી કમ્પ્યુટર કયું છે?

(A) આકાશ – A1 (B) તિયાન્હે – 1A

(C) સાગા - 220 (D) જેગુઆર - K

(126) સોલાર કુકરની બનાવટમાં કયા પ્રકારના અરીસાનો ઉપયોગ થાય છે?

(A) અંતર્ગોળ અરીસો (B) બહિર્ગોળ અરીસો

(C) સાદો અરીસો (D) પ્લેનો કોન્વેકસ અરીસો

(127) 'આર્યભટ્ટ' ઉપગ્રહ કયા દેશે અવકાશમાં તરતો મુક્યો હતો?

(A) રશિયા (B) ભારત (C) અમેરિકા (D) ફ્રાન્સ

(128) સૂર્યના તાપનું માપન કરવા માટે કયું સાધન વપરાય છે?

(A) પાયરોમીટર (B) હાઈગ્રોમીટર (C) વોલ્ટામીટર (D) એનીમોમીટર

(129) લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ – 'તેજસ' નીચેના પૈકી કોના દ્વારા વિકસાવવામાં આવ્યું છે?

(A) IAC - ઈન્ડિયન એરક્રાફ્ટ કંપની

(B) HAL – હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ

(C) ISRO – ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન

(D) DRDO – ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન

(130) નીચેના પૈકી જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ કઈ છે?

(A) પૃથ્વી-I (B) અગ્નિ-V (C) આકાશ (D) અસ્ત્ર

(131) 26 જાન્યુઆરી, 2026ના રોજ નવી દિલ્હીના કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસની પરેડમાં રજૂ કરવામાં આવેલ ગુજરાતના ટેબ્લો અંગેનાં કેટલાંક વિધાનો નીચે મુજબ છે.

1. 2026ની પરેડમાં ગુજરાતના ટેબ્લોએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.
2. ગુજરાતના ટેબ્લોની મુખ્ય થીમ 'વંદે માતરમ અને સ્વતંત્રતા' હતી.
3. ગુજરાતના ટેબ્લોની મુખ્ય થીમ 'વંદે માતરમ અને આત્મનિર્ભર ભારત' હતી.
4. આ ટેબ્લોમાં ભીખાઈજી કામા, શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહ જેવા ક્રાંતિકારીઓને શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ઉપરોક્ત વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) વિધાન 1, 2 અને 3 (B) વિધાન 1, 2 અને 4

(C) વિધાન 2, 3 અને 4 (D) વિધાન 1, 3 અને 4

(132) 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટીવલ'-2025 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નીચેના પૈકી કયા પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યું હતું?

(A) મિશન ફોર મિલિયન ટ્રીઝ

(B) મિશન ફોર વિકસિત ભારત-2047

(C) 'વાંચે ગુજરાત'ની સફળતા

(D) મિશન સ્કીલ ઈન્ડિયા

(133) નેશનલ ફેડરેશન ઑફ અર્બન કો-ઓપરેટીવ બેન્કસ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ (NAFCUB), કેન્દ્રિય સલાહકાર મંત્રાલય દ્વારા આયોજન કરવામાં આવેલ 'કો-ઓપ કુંભ-2025': અર્બન કો-ઓપરેટીવ ક્રેડિટ સેક્ટર પરની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ કયા શહેરમાં યોજાઈ હતી?

(A) નવી દિલ્હી (B) પૂણે (C) અમદાવાદ (D) મુંબઈ

(134) નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચાં છે?

1. સુરત કટ ડાયમંડને GI ટેગ મળ્યો.

2. ઉત્તરાખંડના બદ્રી ગાયના ઘીને GI ટેગ મળ્યો.

3. કેન્દ્રિય વાનિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા GI ટેગના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

(135) ભારતની પ્રથમ ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ ચિપ '25-ક્યુબિટ QPU' કયા સ્ટાર્ટઅપ દ્વારા વિકસાવવામાં આવી છે?

(A) QpiAI (B) NexCAR19 (C) BIRAC (D) DBT

(136) ભારત સરકારે 21 નવેમ્બર, 2025થી અમલી બનાવેલ નવા ચાર લેબર કોડ કયા હેતુ માટે લાવવામાં આવ્યા છે?

(A) ન્યાયિક સુધારા માટે

(B) નવા કર કાયદા બનાવવા

(C) કૃષિ સુધારણા અમલમાં મુકવા

(D) 29 વર્તમાન શ્રમ કાયદાઓને સરળ બનાવી એકીકૃત કરવા

(137) ગુજરાત ક્લાઈમેન્ટ ચેન્જ એવૉર્ડ્સ, 2025-26 કયા હેતુ માટે આપવામાં આવે છે?

(A) પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ નવીનતા માટે

(B) ઉદ્યોગ અને વ્યવસાયમાં પ્રગતિ માટે

(C) શૈક્ષણિક સિદ્ધિઓ માટે

(D) સ્કીલ ડેવલોપમેન્ટ માટે

(138) નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચાં છે?

1. પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીની ઉપસ્થિતિમાં ગુજરાતના દેડિયાપાડા ખાતે બિરસા મુંડાની 150મી જન્મજયંતિ અને 5મા જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી.

2. ગુજરાતની જનજાતિ સમુદાયના સર્વાંગીણ વિકાસ માટે રૂ. 2,000 કરોડની જનજાતિય કલ્યાણ યોજના લોન્ચ કરવામાં હતી.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) આપેલ પૈકી કોઈ નહિ

(139) તાનારીરી મહોત્સવ-2025 માટેનાં કેટલાંક વિધાનો નીચે મુજબ છે.

1. દર વર્ષે મહેસાણા જિલ્લાના વડનગર ખાતે શર્મિષ્ઠા તળાવને કાંઠે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

2. તાનારીરી સંગીત સન્માન પુરસ્કાર વર્ષ 2010માં સૌપ્રથમ આ એવોર્ડ લતામંગેશકરને આપવામાં આવ્યો હતો.

3. શાસ્ત્રીય ગાયિકા સુશ્રી કલાપિની કોમકલીને તાનારીરી સંગીત સન્માન પુરસ્કાર 2025 આપવામાં આવ્યો.

ઉપરોક્ત વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) વિધાન 1 અને 3 (B) વિધાન 1 અને 2

(C) વિધાન 2 અને 3 (D) વિધાન 1, 2 અને 3

(140) BWF ઓસ્ટ્રેલિયન ઓપન, 2025માં મેન્સ સિંગલ્સનું ટાઈટલ કોણે જીત્યું છે?

(A) વિટસાપોનાંગકુલ (B) લક્ષ્ય સેન

(C) એન્થની ગિન્ટિંગ (D) કિડાંગ લિ

(141) રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર-2025 માટે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચાં છે?

1. પ્રો. જયંત વિષ્ણુ નાર્લીકર (મરણોત્તર) વિજ્ઞાનરત્ન પુરસ્કાર આપવામાં આવ્યો.

2. 2025ના વર્ષે વિવિધ શ્રેણીમાં કુલ મળીને 33 પુરસ્કાર આપવામાં આવ્યા.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) આપેલ પૈકી એકપણ નહિ.

(142) સ્ટેટ ઑફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર (SOFA) રિપોર્ટ, 2025 મુજબ વૈશ્વિક કૃષિ વિતરણનું મુખ્ય કારણ શું છે?

(A) જમીનની અધોગતિ (B) વનનાબૂદી

(C) અતિશય ચરાઈ (D) બિન-ટકાઉ પાક અને સિંચાઈ પદ્ધતિઓ

(143) સંચાર ઉપગ્રહ CMS-03 મુખ્યત્વે શાના માટે ઉપયોગી છે?

(A) ભારતીય નૌકાદળની સંચાર સેવાઓ માટે

(B) ભારતીય વાયુસેનાના લશ્કરી અભ્યાસ માટે

(C) ખેડૂતો માટે કૃષિ ડેટા પ્રદાન કરવા માટે

(D) ભારતની નાગરિક ઉપગ્રહ ઈન્ટરનેટ સેવાઓ માટે

(144) સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવેલી 'અરવલ્લી પર્વતમાળા' (Range)ની નવી વ્યાખ્યાના સંદર્ભમાં નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચાં છે?

1. બે ટેકરીઓ વચ્ચેની જમીન ભલે ઊંચાઈ ધરાવતી ન હોય, તો પણ તેને પર્વતમાળાના સંરક્ષિત ભાગ તરીકે ગણવામાં આવશે.

2. જ્યારે 100 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી બે કે તેથી વધુ ટેકરીઓ એકબીજાથી 1000 મીટરના અંતરે હોય ત્યારે તેને રેન્જ કહેવાય.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંને પૈકી એકપણ નહિ.

(145) ભારતમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસ' કોની જન્મજયંતી નિમિત્તે ઊજવવામાં આવે છે?

(A) સરદાર વલ્લભભાઈ પટેલ (B) મોરારજી દેસાઈ

(C) લાલ બહાદુર શાસ્ત્રી (D) ચૌધરી ચરણસિંહ

(146) સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે 'સરદાર@150 યુનિટી માર્ચ'ના સમાપન સમારંભમાં કયા વિદેશી મહેમાને હાજરી આપી હતી?

(A) જો બાઈડન (B) ડોનાલ્ડ ટ્રમ્પ

(C) ડૉ. ઇવાન્સ અફેદી (D) ઋષિ સુનક

(147) સંરક્ષણ ક્વાયત 'એકથા' (Ekatha) વિશે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચાં છે?

1. 'એકથા' શબ્દનો અર્થ 'એકતા' અથવા 'જોડાણ' થાય છે.

2. તે ભારત અને માલદીવ વચ્ચે યોજાતી વાર્ષિક નૌકાદળ ક્વાયત છે.

3. વર્ષ 2025માં તેની 8મી આવૃત્તિ માલદીવના કાધધૂ ટાપુમાં યોજાઈ હતી.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

(148) 'વિશ્વ માટી દિવસ' નિમિત્તે 'ભૂમિ સુપોષણ' વિષય પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું?

(A) આણંદ કૃષિ યુનિવર્સિટી

(B) નવસારી કૃષિ યુનિવર્સિટી

(C) ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી

(D) ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી

(149) સ્વછ સર્વેક્ષણ, 2025-26ના સંદર્ભમાં કેટલાંક વિધાનો નીચે મુજબ છે.

1. તેની થીમ 'સ્વચ્છતા કી નયી પહેલ – બઢાયેં હાથ, કરેં સફાઈ સાથ' રાખાવામાં આવી છે.

2. હવે આ સર્વેક્ષણમાં ગંગા કિનારે વસેલાં શહેરો ઉપરાંત દેશની તમામ નદીઓના કિનારે વસેલાં શહેરોનો સમાવેશ થાય છે.

3. કેન્દ્રિય મંત્રી મનોહરલાલ ખટ્ટરે 10મું સ્વચ્છ સર્વેક્ષણ લોન્ચ કર્યું છે.

ઉપરોક્ત વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) વિધાન 1 અને 3 (B) વિધાન 1 અને 2

(C) વિધાન 2 અને 3 (D) વિધાન 1, 2 અને 3

(150) ISROએ ભારતનો સૌથી ભારે લશ્કરી સંચાર ઉપગ્રહ CMS-03 કયા સ્થળેથી લોન્ચ કર્યો હતો?

(A) શ્રીહરિકોટા, આંધ્રપ્રદેશ (B) વિક્રમ સાગર, તામિલનાડું

(C) નોર્ધ પોલ, ઉત્તરાખંડ (D) કુમ્હેરા, મધ્યપ્રદેશ

(151) વિમેન્સ કબડ્ડી વર્લ્ડ કપ, 2025માં ભારતની ટીમે ફાઈનલમાં કયા દેશને હરાવી ખિતાબ જીત્યો હતો?

(A) જાપાન (B) ચીન (C) ચાઈનીઝ તાઈપીએ (D) બાંગ્લાદેશ

(152) ગુજરાતના કયા પરંપરાગત નૃત્યને યુનેસ્કો દ્વારા અધિકૃત માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ સૂચીમાં સ્થાન આપવામાં આવ્યું છે?

(A) ઘેર નૃત્ય (B) ગરબા નૃત્ય (C) રાસ નૃત્ય (D) હુડો નૃત્ય

(153) કયા રાજ્યમાં 'નારીશક્તિ દૂત' એપ લોન્ચ કરવામાં આવી છે?

(A) આસામ (B) મહારાષ્ટ્ર (C) કેરાલા (D) જમ્મુ-કાશ્મીર

(154) ભારત કયા વર્ષ સુધીમાં રક્તપિત્તની બીમારીનો ચેપ ફેલાતો અટકાવવાનું લક્ષ્ય ધરાવે છે?

(A) વર્ષ 2027 (B) વર્ષ 2030 (C) વર્ષ 2035 (D) વર્ષ 2047

(155) ૬૯મા ફિલ્મફેર એવોર્ડમાં શ્રેષ્ઠ ફિલ્મ એવોર્ડ કઈ ફિલ્મને એનાયત કરવામાં આવ્યો હતો?

(A) 12$^{th}$ Fail (B) KGF Chapter-2 (C) RRR (D) કાંતારા

(156) કઈ કંપનીએ લેટેસ્ટ અને સૌથી એડવાન્સ AI મૉડેલ જેમિની લોન્ચ કર્યું હતું?

(A) ફ્લિપકાર્ટ (B) ઇન્ફોસિસ

(C) એમેઝોન (D) આલ્ફાબેટ ગૂગલની પેરેન્ટ કંપની

(157) ગુજરાતના રાજ્યપાલના નિવાસસ્થાન 'રાજભવન'નું નવું નામ શું રાખાવામાં આવ્યું છે?

(A) લોકભવન (B) જનભવન (C) સેવાભવન (D) શક્તિભવન

(158) વસ્તી ગણતરી પ્રક્રિયા પર રીયલ-ટાઈમમાં નજર રાખવા માટે કયું પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે?

(A) Digital Census Portal (B) CMMS Portal

(C) Bharat Census-2027 (D) E-Census Portal

(159) ભારતનું પ્રથમ સમર્પિત 'ઑટોનોમસ મેરીટાઈમ શિપયાર્ડ એન્ડ સિસ્ટમ ડેવલપમેન્ટ સેન્ટર' કયા રાજ્યમાં સ્થાપવામાં આવશે?

(A) તમિલનાડું (B) આંધ્રપ્રદેશ

(C) ગુજરાત (D) કેરાલા

(160) તાજેતરમાં સુરત અને અમદાવાદ જેવાં શહેરોમાં ચર્ચામાં રહેલ 'ગોગો પેપર'નો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે?

(A) પર્યાવરણલક્ષી પેકેજિંગ માટે

(B) મીઠાઈઓ પર લગાવવા માટે

(C) નશાકારક પદાર્થોને રોલ કરીને પીવા માટે

(D) સરકારી દસ્તાવેજોના પ્રિન્ટિંગ માટે

(161) આપેલા વિકલ્પોમાંથી પ્રશ્નાર્થચિહ્ન(?)નું સ્થાન લઈ શકે તેવી આકૃતિ પસંદ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| X + | * X | ⬟ * | + ⬟ | ? |
| * ⬟ | ⬟ + | + X | X * | |

| (A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| ⬟ + | X + | ⬟ X | + ⬟ |
| X * | * ⬟ | + * | X * |

(162) આપેલા કોષ્ટકનો અભ્યાસ કરો અને ત્યારબાદ આપેલા પ્રશ્નનો જવાબ આપો.
નીચે આપેલું કોષ્ટક 12મા ધોરણના 100 વિદ્યાર્થીઓએ ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર એમ ત્રણ વિષયોમાં મેળવેલા ગુણને દર્શાવે છે.

| વિષય | 1-20 | 21-40 | 41-60 | 61-80 | 81-100 |
|---|---|---|---|---|---|
| ગણિત | 10 | 10 | 30 | 35 | 15 |
| ભૌતિકશાસ્ત્ર | 16 | 14 | 25 | 25 | 20 |
| રસાયણશાસ્ત્ર | 13 | 12 | 25 | 30 | 20 |

ગણિત, રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રમાં અનુક્રમે 40 ગુણથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યાનો ગુણોત્તર કેટલો થશે?

(A) 16:15:14 (B) 18:15:16

(C) 16:14:15 (D) 17:15:13

(163) બાધા અને નટુકાકાની હાલની ઉંમરનો સરવાળો 100 વર્ષ છે. આજથી 2 વર્ષ પછી, નટુકાકાની ઉંમર એ બાધાની ઉંમર કરતાં ત્રણ ગણી થશે. તો નટુકાકાની હાલની ઉંમર(વર્ષોમાં) શોધો .

(A) 80 (B) 66 (C) 78 (D) 76

(164) N એ Pની માતા છે. B એ Lનો ભાઈ છે. Q એ Bની માતા છે. P એ Qનો પતિ છે.

M એ Nનો પતિ છે. નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(i) Lએ Pના પુત્રનો પુત્ર છે.

(ii) M એ Qના પતિના પિતા છે.

(A) માત્ર (i) (B) માત્ર (ii)

(C) ન તો (i) ન તો (ii) (D) (i) અને (ii) બંને

(165) નીચે આપેલ કોષ્ટક વિવિધ વિષયોમાં (દરેક વિષયના 100 ગુણમાંથી) ચાર વિદ્યાર્થીઓ દ્વારા

મેળવેલા ગુણ દર્શાવે છે.

| વિષય | રવિ | અમિત | નેહા | સુમન |
|---|---|---|---|---|
| ગણિત | 78 | 82 | 90 | 65 |
| ભૌતિકશાસ્ત્ર | 85 | 77 | 84 | 70 |
| રસાયણશાસ્ત્ર | 69 | 73 | 76 | 82 |
| જીવવિજ્ઞા ન | 74 | 80 | 72 | 78 |
| અંગ્રેજી | 88 | 91 | 87 | 75 |

ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાનમાં અમિતના ગુણની સરેરાશ કેટલી છે?

(A) 78 (B) 77 (C) 75.5 (D) 78.5

(166) જો '–' અને '+'ની પરસ્પર બદલી કરવામાં આવે અને '6' અને '12'ની પરસ્પર બદલી

કરવામાં આવે તો નીચેના સમીકરણમાં (?)ના સ્થાને શું આવશે?

48 – 6 + 12 X 3 = (?)

(A) 30 (B) 10 (C) 14 (D) 42

(167) પાંચ મિત્રો M, A, I, N અને T અલગ અલગ ઉંમરના છે. A એ I અને N કરતાં નાનો છે, પણ

T કરતાં મોટો છે. M સૌથી મોટો છે. I એ N કરતાં મોટો છે. તો ઉંમરમાં ત્રીજા ક્રમે કોણ હશે?

(A) T (B) A (C) N (D) M

(168) જો 'P'નો અર્થ 'X', 'Q'નો અર્થ '÷' અને 'R'નો અર્થ '–' થાય, તો નીચેના સમીકરણમાં

પ્રશ્નચિહ્ન (?)ની જગ્યાએ શું આવશે?

25 Q 15 P 2 R 8 = ?

(A) 50 (B) 47 (C) 44 (D) 42

(169) એક ચોક્કસ કોડ ભાષામાં,

A & Bનો અર્થ થાય છે કે, 'A' એ 'B'નો પુત્ર છે.

A @ B નો અર્થ થાય છે કે, 'A' એ 'B'ની બહેન છે.

A $ B નો અર્થ થાય છે કે, 'A' એ 'B'ની પુત્રી છે.

A # B નો અર્થ થાય છે કે, 'A' એ 'B'ની માતા છે.

તો ઉપરોક્તના આધારે Q @ G $ U # L હોય, તો Qનો L સાથે શું સંબંધ છે?

(A) બહેન (B) પુત્રી (C) પત્ની (D) માતા

(170) જો 25 સ્કૂટરોની કુલ કિંમત રૂ. 10,87,500 હોય, તો 11 સ્કૂટરોની કિંમત કેટલી થશે?

(A) રૂ. 4,62,800 (B) રૂ. 4,59,500 (C) રૂ. 4,58,750 (D) રૂ. 4,78,500

☛ આપેલી આકૃતિનો કાળજીપૂર્વક અભ્યાસ કરો અને પ્રશ્ન નં. (171) થી (173)ના જવાબ આપો.




Engineers = એન્જિનિયર્સ Farmers = ખેડૂતો Teachers = શિક્ષકો

(171) કેટલા એન્જિનિયર્સ એવા છે, જે ખેડૂત અને શિક્ષક બંને છે?

(A) 10 (B) 7 (C) 3 (D) 8

(172) કેટલા ખેડૂત એવા છે, જે એન્જિનિયર્સ છે?

(A) 10 (B) 20 (C) 18 (D) 38

(173) કુલ કેટલા શિક્ષકો છે?

(A) 40 (B) 50 (C) 57 (D) 65

(174) વ્યક્તિઓ P, Q, R, S અને Tનું વજન અલગ અલગ છે. Rનું વજન ફક્ત એક જ વ્યક્તિ કરતાં ઓછું છે. Qનું વજન S કરતાં વધારે છે, અને Tનું વજન S કરતા ઓછું છે. Tનું વજન સૌથી ઓછું નથી. સૌથી ઓછું વજન કોનું છે?

(A) P (B) Q (C) R (D) S

(175) એક હેલ્થ ક્લબમાં, 60% સભ્યો મહિલાઓ અને 40% સભ્યો પુરુષો છે. જો પુરુષોની સરેરાશ ઉંમર 48 વર્ષ અને મહિલાઓની સરેરાશ ઉંમર 80 વર્ષ હોય, તો બધા સભ્યોની સરેરાશ ઉંમર(વર્ષોમાં) કેટલી છે?

(A) 74.9 (B) 76.3 (C) 67.2 (D) 60.2

(176) એક વાહન 120 km/hrની ઝડપે 600 km, 160 km/hrની ઝડપે 400 km અને 200 km/hrની ઝડપે 500 kmની મુસાફરી કરે છે. તો તેની સરેરાશ ઝડપ શોધો.

(A) 120 km/hr (B) 150 km/hr (C) 130 km/hr (D) 170 km/hr

☛ નીચે આપેલી માહિતી પરથી પ્રશ્ન નં. (177) થી (179)ના જવાબ આપો.

છ મિત્રો C, D, E, P, Q અને R એક વર્તુળાકાર ટેબલની આસપાસ ટેબલના કેન્દ્ર તરફ મુખ રાખીને બેઠા છે. Q એ Cની તરત જ જમણી બાજુએ બેઠો છે. E એ Qની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેઠો છે. P એ Dની તરતની જમણી બાજુ બેઠો છે.

(177) Rની જમણી બાજુએ ત્રીજા સ્થાને કોણ બેઠું છે?

(A) D (B) E (C) Q (D) C

(178) કયા બે મિત્રોની વચ્ચે D બેઠો છે?

(A) E અને C (B) P અને Q (C) C અને Q (D) R અને P

(179) C ની સામે કોણ બેઠું છે?

(A) R (B) Q (C) E (D) P

(180) વ્યક્તિની માસિક આવક રૂ. 13,500 હતી અને તેનો માસિક ખર્ચ રૂ. 9,000 હતો. આવતા વર્ષે તેની આવકમાં 14% અને ખર્ચમાં 7% નો વધારો થાય તો બચતની ટકાવારીમાં કેટલો વધારો થશે?

(A) 28% (B) 30% (C) 32% (D) 34%

(181) વિજય ઉત્તરમાં 10 કિ.મી. ચાલે છે. ત્યાંથી તે પૂર્વમાં 12 કિ.મી. ચાલે છે. ત્યાંથી પશ્ચિમમાં 12 કિ.મી. ચાલે છે. ત્યાંથી દક્ષિણમાં 18 કિ.મી. ચાલે છે. તો તેના શરૂઆતના બિંદુથી કેટલા કિ.મી. દૂર હશે?

(A) 10 કિ.મી. (B) 8 કિ.મી. (C) 12 કિ.મી. (D) 18 કિ.મી.

(182) જો DOLPHIN શબ્દના અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરો ABCD પ્રમાણે ફરીથી ગોઠવવામાં આવે તો ડાબી બાજુથી પાંચમો અક્ષર કયો હશે?

(A) N (B) O (C) I (D) H

(183) 75 સફરજન અને 30 સંતરાની કુલ ખરીદ કિંમત રૂ. 1,800 છે. જો એક સફરજનની સરેરાશ ખરીદ કિંમત રૂ. 20 હોય તો, એક સંતરાની સરેરાશ ખરીદ કિંમત કેટલી હશે?

(A) 10 (B) 12 (C) 15 (D) 8

(184) એક વ્યક્તિની વાર્ષિક કમાણી રૂ. 1,30,000 છે અને પ્રથમ નવ મહિનાની તેની કમાણી રૂ. 94,000 છે. તો તે વ્યક્તિની છેલ્લા ત્રણ મહિનાની સરેરાશ કમાણી કેટલી હશે?

(A) રૂ. 12,000 (B) રૂ. 13,000 (C) રૂ. 10,000 (D) રૂ. 14,000

(185) A, B અને C મેદાનની ફરતે અનુક્રમે 5, 10, 15 મિનિટમાં એક ચક્કર પુરૂ કરે છે. તેઓ એક જ સ્થળેથી દોડવાનું શરૂ કરે છે. તો, આરંભબિંદુ પર કેટલા સમય પછી પ્રથમવાર ભેગા થશે? .

(A) 20 મિનિટ (B) 30 મિનિટ (C) 35 મિનિટ (D) 40 મિનિટ

(186) 30 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 16 વર્ષ છે. જો શિક્ષકની ઉંમર ઉમેરવામાં આવે તો બધાની સરેરાશ ઉંમરમાં એક વર્ષનો વધારો થાય છે. આ સંજોગોમાં શિક્ષકની ઉંમર કેટલી હશે?

(A) 43 વર્ષ (B) 45 વર્ષ (C) 47 વર્ષ (D) 55 વર્ષ

(187) અર્જુન પાસે 65 અને ભીમ પાસે 55 ડૉલર છે. આમાંથી 60 ડૉલર ખર્ચ થયો. એક ડૉલર બરાબર રૂ. 80 હોય તો આ બંને પાસે કુલ કેટલા રૂપિયા બચે?

(A) રૂ. 5,200 (B) રૂ. 4,400 (C) રૂ. 4,800 (D) રૂ. 5,000

(188) આનંદ એક સ્થળેથી સવારે દસ વાગે નીકળી કલાકના 70 કિલોમીટરની ઝડપે સુરત જવા નીકળે છે, જે 315 કિલોમીટર દૂર છે. રસ્તામાં એ અડધો કલાક રોકાય છે. તો તે સુરત કેટલા વાગે પહોંચશે?

(A) બપોરે 1:00 કલાકે (B) બપોરે 2:00 કલાકે

(C) બપોરે 2:30 કલાકે (D) બપોરે 3:00 કલાકે

(189) નીચે આપેલ શ્રેણીમાં એવા કેટલા 5 છે; જેની આગળ 2 છે પરંતુ પાછળ 6 નથી?

2 5 6 7 2 5 7 5 4 3 6 5 2 5 3 9 8 6 5 2

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(190) ડુંગળીની કિંમત ટામેટાં કરતાં વધુ છે. ટામેટાંની કિંમત મરચાં કરતાં ઓછી છે. મરચાંની કિંમત ગાજર અને ડુંગળી કરતાં વધુ છે. આમાંથી સૌથી મોંઘુ શું છે?

(A) ડુંગળી (B) ટામેટાં (C) મરચાં (D) ગાજર

(191) ખૂટતો અંક શોધો.

| | | |
|---|---|---|
| 14 | 9 | 4 |
| 12 | 7 | 2 |
| 10 | 5 | 0 |
| 16 | 11 | ? |

(A) 6 (B) 7 (C) 8 (D) 9

(192) એક ટોપલીમાં 5 સફરજન, 9 ચીકુ, 7 કેરી, 3 નારંગી અને 6 કેળાં નાખવામાં આવ્યા પછી 2 કેરી, 3 ચીકુ, 3 કેળાં અને 1 નારંગી કાઢવામાં આવ્યાં અને 2 સ્ટોબેરી તથા 8 જાંબુ નાખવામાં આવ્યાં. તો, હવે ટોપલીમાં કુલ કેટલાં ફળ હશે?

(A) 21 (B) 31 (C) 35 (D) 26

☛ નીચે આપેલી આકૃતિનો કરી પ્રશ્ન નં. (193) થી (195)ના જવાબ આપો.

એક કુટુંબની વાર્ષિક આવક રૂ. 8,00,000 છે. નીચેના ચાર્ટમાં આ કુટુંબની ખર્ચની ટકાવારી આપેલ છે. ધારણા કરો કે દર મહિને એકસમાન રીતે ખર્ચ થાય છે.




(193) જો દર મહિને સમાન રીતે બચત કરવામાં આવતી હોય તો ત્રણ માસની બચત કેટલી હશે?

(A) રૂ. 50,000 (B) રૂ. 75,000

(C) રૂ. 1,00,000 (D) રૂ. 2,00,000

(194) આ કુટુંબમાં ખોરાક માટે છ માસનો કુલ ખર્ચ કેટલો હશે?

(A) રૂ. 88,000 (B) રૂ. 92,000

(C) રૂ. 1,08,000 (D) રૂ. 1,32,000

...નોરંજન માટે દવાઓ કરતાં કેટલા રૂપિયા વધુ ખર્ચ કરવામાં આવે છે?

(B) રૂ. 9,000

(C) ... (D) રૂ. 2,000

...ાર્થી હિન્દીમાં 80 ગુણ, અંગ્રેજીમાં 75 ગુણ, ગણિતમાં X ગુણ, ભૌતિકશાસ્ત્રમાં 60 ગુણ ...ણશાસ્ત્રમાં 90 ગુણ મેળવે છે. તો ગણિતમાં તેના ગુણ કેટલા હોવા જોઈએ કે જેથી તેના એકંદર સરેરાશ (Overall Average) 75 થાય?

(A) 68 (B) 70 (C) 75 (D) 72

(197) એક વેપારીએ રૂ. 40 પ્રતિ સફરજનના ભાવે 100 સફરજન ખરીદ્યા. તેમાંથી 20% સફરજન બગડી ગયા અને બાકીના સફરજન રૂ. 50 પ્રતિ સફરજનના ભાવે વેચવામાં આવ્યા. વેપારીને થયેલ એકંદર નફા કે ખોટની ટકાવારી કેટલી હશે?

(A) 20% ખોટ (B) 10% નફો

(C) 20% નફો (D) નહિ નફો કે નહિ ખોટ

(198) ચાર મિત્રો A, B, C અને Dના વજનનો સરવાળો 260 કિ.ગ્રામ. થાય છે. Aનું વજન D કરતાં 10 કિ.ગ્રામ ઓછું છે. Bનું વજન A કરતાં દોઢગણું છે. જો Dનું વજન 70 કિ.ગ્રામ હોય, તો Cનું વજન કેટલું હશે?

(A) 60 કિ.ગ્રામ (B) 50 કિ.ગ્રામ (C) 40 કિ.ગ્રામ (D) 45 કિ.ગ્રામ

(199) બે વિષયોની એક જાહેર પરીક્ષામાં બેઠેલા 120 વિદ્યાર્થીઓ પૈકી 55 વિદ્યાર્થીઓ એક વિષયમાં પાસ, 60 વિદ્યાર્થીઓ બીજા વિષયમાં પાસ અને 22 વિદ્યાર્થીઓ બંને વિષયમાં પાસ થયા છે. તો બંને વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હશે?

(A) 27 (B) 37 (C) 52 (D) 59

(200) યુવરાજે બજારમાંથી કેટલીક કેરી ખરીદી અને પહેલા દિવસે તે એક તૃતિયાંશ જેટલી કેરી ખાઈ ગયો. બીજા દિવસે તેણે બચેલી કેરીમાંથી અડધી કેરી ખાધી. ત્રીજા દિવસે તેણે જોયું તો ચાર કેરી બચી હતી. તો, તે બજારમાંથી કુલ કેટલી કેરી લાવ્યો હશે?

(A) 15 (B) 12 (C) 10 (D) 16

::::::::::::::::::::::::::::::::::::::

# જુનિયર કલાર્ક (મુખ્ય પરીક્ષા ભાગ-૨)

## Answer Key

(Series: A)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 21 | B | 41 | C | 61 | D | 81 | C |
| 2 | A | 22 | C | 42 | B | 62 | B | 82 | A |
| 3 | C | 23 | A | 43 | D | 63 | D | 83 | D |
| 4 | B | 24 | C | 44 | A | 64 | A | 84 | A |
| 5 | A | 25 | B | 45 | D | 65 | D | 85 | C |
| 6 | B | 26 | A | 46 | B | 66 | C | 86 | B |
| 7 | C | 27 | A | 47 | A | 67 | A | 87 | A |
| 8 | C | 28 | D | 48 | C | 68 | C | 88 | B |
| 9 | D | 29 | B | 49 | B | 69 | B | 89 | D |
| 10 | B | 30 | C | 50 | D | 70 | D | 90 | C |
| 11 | C | 31 | D | 51 | A | 71 | C | 91 | A |
| 12 | A | 32 | D | 52 | B | 72 | B | 92 | B |
| 13 | B | 33 | D | 53 | C | 73 | D | 93 | B |
| 14 | A | 34 | D | 54 | D | 74 | B | 94 | A |
| 15 | D | 35 | B | 55 | A | 75 | C | 95 | C |
| 16 | A | 36 | B | 56 | C | 76 | A | 96 | B |
| 17 | D | 37 | C | 57 | D | 77 | B | 97 | C |
| 18 | B | 38 | B | 58 | D | 78 | A | 98 | B |
| 19 | A | 39 | B | 59 | A | 79 | D | 99 | D |
| 20 | B | 40 | B | 60 | B | 80 | B | 100 | A |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 101 | D | 121 | B | 141 | C | 161 | B | 181 | B |
| 102 | C | 122 | C | 142 | B | 162 | A | 182 | A |
| 103 | A | 123 | A | 143 | A | 163 | D | 183 | A |
| 104 | B | 124 | B | 144 | A | 164 | B | 184 | A |
| 105 | B | 125 | C | 145 | D | 165 | D | 185 | B |
| 106 | A | 126 | A | 146 | C | 166 | D | 186 | C |
| 107 | C | 127 | A | 147 | D | 167 | C | 187 | C |
| 108 | C | 128 | A | 148 | D | 168 | D | 188 | D |
| 109 | C | 129 | B | 149 | D | 169 | A | 189 | A |
| 110 | B | 130 | C | 150 | A | 170 | D | 190 | C |
| 111 | D | 131 | B | 151 | C | 171 | B | 191 | A |
| 112 | C | 132 | A | 152 | B | 172 | A | 192 | B |
| 113 | A | 133 | A | 153 | B | 173 | D | 193 | A |
| 114 | B | 134 | D | 154 | A | 174 | A | 194 | B |
| 115 | D | 135 | A | 155 | A | 175 | C | 195 | D |
| 116 | A | 136 | D | 156 | D | 176 | B | 196 | B |
| 117 | B | 137 | A | 157 | A | 177 | A | 197 | D |
| 118 | C | 138 | C | 158 | B | 178 | B | 198 | C |
| 119 | C | 139 | D | 159 | B | 179 | D | 199 | A |
| 120 | C | 140 | B | 160 | C | 180 | A | 200 | B |